આઈસીડીએસ યોજના હેઠળની જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી મેળવવાની મંજુરી બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/AMI/e-file/23/2023/1720/B1 Branch

સચિવાલય, ગાંધીનગર.

તા.ઈ-સાઈન મુજબ.

**વંચાણે લીધા:**

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: WCDD/AMI/e-file/23/2023/1720/B1, તા.૨૪/૦૨/૨૦૨૫.
2. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૧૦/૧૧/૨૦૨૫નો પત્ર તથા તા.૧૯/૧૧/૨૦૨૫ નો પત્ર.
3. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૨૦/૧૨/૨૦૨૫નો પત્ર.

//**ઠરાવ**//

વંચાણે લીધા (૧) પરના વિભાગના તા.૨૪/૨/૨૫ ના ઠરાવથી કુલ-૯૬ જગ્યાની સેવાઓ તા.૩૧/૧૨/૨૦૨૪ થી વધુ ૧૧ માસ હેતુ આઉટસોર્સથી મેળવવાની મંજુરી આપવામાં આવેલ હતી. કમિશનરશ્રી, આઈસીડીએસની કચેરી દ્વારા વંચાણે લીધા (૨) પરના પત્રથી કુલ-૯૬ જગ્યાની સેવાઓ અને વંચાણે લીધા (૩) પરના પત્રથી કમિશનરશ્રીની કચેરી ખાતે કન્સલટન્ટની ૦૭ જગ્યા ખાલી છે તે મળીને કુલ-૧૦૩ જગ્યાની સેવા મુદત પૂર્ણ થયેથી વધુ ૧૧ માસ માટે આઉટસોર્સથી સેવા મેળવવા દરખાસ્ત કરવામાં આવી છે.

આ અંગે પુખ્ત વિચારણાને અંતે નીચે દર્શાવેલ પત્રક મુજબની કમિશનરશ્રીની કચેરી ખાતેની, પ્રાદેશિક કચેરી ખાતેની અને જિલ્લા અને મહાનગરપાલિકાની કચેરી ખાતેની કુલ- ૧૦૩ જગ્યાઓની સેવાઓ મુદત પૂર્ણ થયેથી વધુ ૧૧ માસ માટે એટલે કે તા.૧/૧૨/૨૦૨૫ થી તા.૩૧/૧૦/૨૦૨૬ સુધી સરકાર માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેળવવાની મંજૂરી આપવામાં આવે છે:

**1. સ્ટેટ સેલનું મહેકમ:**

| ક્રમ | જગ્યાનું નામ | મંજૂર જગ્યા | આઉટસોર્સથી ભરેલ જગ્યા | સૂચિત માસિક મહેનતાણું |
|---|---|---|---|---|
| ૧ | કન્સલ્ટન્ટ | ૧૦ | ૦૩ | રૂ.૪૫,૦૦૦/- ફિક્સ વેતનથી (અન્ય ચાર્જિસ સિવાય) |
| ૨ | ડેટા એન્ટ્રી ઓપરેટર | ૨૨ | ૨૨ | રૂ.૧૫,૦૦૦/- (અન્ય ચાર્જિસ સિવાય) |
| ૩ | પટાવાળા વર્ગ-૪ | ૧૧ | ૧૧ | લઘુત્તમ વેતનધારા અધિનિયમ ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા.૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા તથા તેને આનુષંગિક ઠરાવો/પરિપત્રો ધ્યાને બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતન મુજબ |
| ૪ | પટાવાળા કમ ડ્રાઈવર | ૦૩ | ૦૩ | રૂ.૧૫,૦૦૦/- (અન્ય ચાર્જિસ સિવાય) |
| | કુલ | ૪૬ | ૩૯ | |

**2.પ્રાદેશિક કચેરીનું મહેકમ:**

Signature Not Verified
Signed by : Rakeshkumar Prajapati
Section Officer
Women and Child Development Department
Date : 2026.03.09 15:02:15 IST

File No: WCDD/AMI/e-file/23/2023/1720/B1 Branch
Approved By: Deputy Secretary Incharge,B1 Branch,WCDD
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

| ક્રમ | જગ્યાનું નામ | મંજૂર જગ્યા | આઉટસોર્સથી ભરેલ જગ્યા | સૂચિત માસિક મહેનતાણું |
|---|---|---|---|---|
| ૧ | ડેટા એન્ટ્રી ઓપરેટર | ૦૮ | ૦૮ | રૂ.૧૫,૦૦૦/- (અન્ય ચાર્જિસ સિવાય) |
| ૨ | પટાવાળા વર્ગ-૪ | ૦૮ | ૦૮ | લઘુત્તમ વેતનધારા અધિનિયમ ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા.૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા તથા તેને આનુષંગિક ઠરાવો/ પરિપત્રો ધ્યાને બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતન મુજબ |
| | કુલ | ૧૬ | ૧૬ | |

**3. જિલ્લા પંચાયત/મ્યુનિસિપલ કોર્પોરેશન કક્ષાનું મહેકમ**

| ક્રમ | જગ્યાનું નામ | મંજૂર જગ્યા | આઉટસોર્સથી ભરેલ જગ્યા | સૂચિત માસિક મહેનતાણું |
|---|---|---|---|---|
| ૧ | પટાવાળા વર્ગ-૪ | ૪૧ | ૪૧ | લઘુત્તમ વેતનધારા અધિનિયમ ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા.૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા તથા તેને આનુષંગિક ઠરાવો/ પરિપત્રો ધ્યાને બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતન મુજબ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૦૨/૦૩/૨૦૨૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,

(આર.આર.પ્રજાપતિ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1.કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

2. કમિશ્નરશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

3. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

4. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ,

5. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.

6. સર્વે તિજોરી અધિકારીશ્રી, જિ.

7. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન,

8. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત,

9. સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.

10. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત,

11. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન,

12. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ – વેબસાઈટ પર મુકવા સારુ,

13. શાખા સિલેક્ટ ફાઈલ

Signature Not Verified
Signed by : Rakeshkumar Prajapati
Section Officer
Women and Child Development Department
Date : 2026.03.09 15:02:15 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign